# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-04-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

- ➢ રાજ્યની લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં .
- ➢ ભારતીય જનતા પાર્ટીએ આજે સુરત લોકસભા બેઠક પર બિનહરીફ જીત મેળવી છે.
- ➢ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં પદ્મ પુરસ્કાર એનાયત કર્યા.
- ➢ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નખત્રાણામાં જાહેર સભામાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ સરકારના વિકાસકાર્યો ગુજરાતમાં ભાજપને વિજય અપાવશે.
- ➢ રાજયમાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં મહતમ મતદાન થાય તે માટે જનજાગૃતિના સવિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT - ELECTION- PICTURE

રાજ્યની લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. આજે બપોરે ત્રણ વાગે ઉમેદવારીપત્રકો પરત ખેંચવાની કામગીરી પૂર્ણ થતાં જ ગુજરાતનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૬ ઉમેદવારો, અમદાવાદ પૂર્વ બેઠક પર હાલ ૧૮ ઉમેદવારો, સુરેન્દ્રનગર બેઠક પરથી 6 ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પરત ખેંચતા 14 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. વલસાડ લોકસભા બેઠક પરથી સાત ઉમેદવારો, રાજકોટ બેઠક પર નવ, છોટાઉદેપુર બેઠક પર 6, પાટણ બેઠક પર 10, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી બેઠક પરથી પાંચ, નવસારી-જામનગર અને સાબરકાંઠા 14-14, ભરૂચમાં 13, કચ્છ લોકસભા બેઠક પર 11 ઉમેદવારો, ભાવનગરમાં ૧૩ ઉમેદવારો, દમણ-દીવ લોકસભા બેઠક પર 7 ઉમેદવારો, ચુંટણી મેદાનમાં રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

## Gujarat Surat Seat

ભારતીય જનતા પાર્ટીએ આજે સુરત લોકસભા બેઠક પર બિનહરીફ જીત મેળવી છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે સુરત બેઠક માટે ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા, કારણ કે તેમના તમામ વિરોધીઓ આજે ચૂંટણી મેદાનમાંથી ખસી

ગયા હતા. સુરત જિલ્લા કલેક્ટર અને રિટર્નિંગ ઓફિસર સૌરભ પારધીએ આજે સત્તાવાર જાહેરાત કરી હતી.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ એક અહેવાલમાં જણાવે છે કે BSP ઉમેદવાર પ્યારેલાલ ભારતી અને અન્ય અપક્ષ ઉમેદવારો સહિત આઠ જેટલા ઉમેદવારોએ આજે તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચી લીધા છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારીપત્ર ગઈકાલે ટેકેદારોની નકલી સહીઓના કારણે નામંજૂર કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે સુરત લોકસભા બેઠકના બિનહરીફ વિજેતા થયેલા ઉમેદવાર મુકેશ દલાલને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે મુકેશ દલાલે કહ્યું હતું કે લોકશાહી ઢબે મારો વિજય થયો છે.

દરમિયાન, વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સુરતમાં લોકોનો મત આપવાનો અને તેમના નેતાને પસંદ કરવાનો અધિકાર છીનવી લેવા બદલ ભારતીય જનતા પાર્ટીની ટીકા કરી છે.

અમારા સુરતના પ્રતિનિધિ રીતુ દરબાર જણાવે છે કે સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીમાં સુરતમાં પ્રથમ બિનહરીફ જીત મેળવી મુકેશ દલાલ સાંસદ બન્યા છે.

------------

# PADMA _ FINAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં પદ્મ પુરસ્કાર એનાયત કર્યા હતા. શ્રીમતી મુર્મુએ પૂર્વ ઉપ-રાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ તથા ભારતનાટ્યમ નૃત્યાંગના ડૉક્ટર પદ્મા સુબ્રમણ્યમને પદ્મ વિભૂષણ પ્રદાન કર્યું. ડૉકટર બિન્દેશ્વર પાઠકને મરણોપરાંત પદ્મ વિભૂષણ અર્પણ કરાયું. ઉપરાંત અભિનેતા મિથુન ચુક્રવર્તી અને ગાયિકા ઉષા ઉથુપને પદ્મ ભૂષણથી સમ્માનિત કરાયા હતા. સમાજ સેવી ડૉક્ટર સીતારામ જિંદલ, તેમજ ઉત્તર પ્રદેશના પૂર્વ રાજ્યપાલ રામ નાઇકને પણ પદ્મ ભૂષણથી સમ્માનિત કરવામાં આવ્યા.

ગુજરાતમાંથી હૃદય રોગ નિષ્ણાત ડૉક્ટર તેજસ પટેલને પદ્મભૂષણ, યઝદી માનેકશા ઇટાલિયાને દવા ક્ષેત્રે તેમજ, કલા ક્ષેત્રે પ્રદાન બદલ જગદીશ ત્રિવેદીને પદ્મ શ્રી પુરસ્કારથી સમ્માનિત કરાયા હતા.

આ પ્રસંગે આકાશવાણી અમદાવાદ સાથે વાત કરતા જગદીશ ત્રિવેદીએ આ પ્રતિભાવ આપ્યો...

( Byte - જગદીશ ત્રિવેદી )

------------

## CM - KUTCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છની મુલાકાતે છે.. ભૂપેન્દ્ર પટેલે કચ્છની દેશદેવી માં આશાપુરાના દર્શન કર્યા હતાં..

માતાના મઢ ખાતે મુખ્યપ્રધાને માતા આશાપુરાનના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું.. તેમના કાર્યકાળમાં પ્રથમ વખતે માતના મઢે પહોંચેલા

મુખ્યમંત્રીએ સાડી, ફૂલહાર, તલવાર અને પ્રસાદ માતાજીને અર્પણ કર્યા હતા.. તેમણે પૂજન-અર્ચન  કર્યા બાદ  રાજ્યની શાંતિ અને સલામતી માટે પ્રાર્થના કરી હતી... તેમણે કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાના સમર્થનમાં નખત્રાણા ખાતે જાહેર સભાને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપ સરકારના વિકાસ કાર્યનું ભાથું ગુજરાતની 26 બેઠકો પર ભાજપને વિજય અપાવશે.. સભા બાદ કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાના અબડાસા વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી કાર્યાલયને મુખ્યમંત્રીએ ખુલ્લું મૂક્યું હતું.

-------------------------

## KUTCH_MATDAN APEAL

લોકસભા સામાન્ય ચૂંટણી-2024 વધુમાં વધુ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદાર બને તેવો જિલ્લા વહીવટીતંત્ર તરફથી પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.  કોઇપણ ભય, લોભ અને લાલચ વિના મતદાર મતદાન કરે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

વધુ મતદાન કરવા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે લોકોને અપીલ કરી છે.

(બાઇટ : સાગર બાગમાર, પોલીસ અધિક્ષક ,પૂર્વ કચ્છ)

--------------------

## MATDAN JAGRUTI-DISTRICT -1

રાજયમાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં મહતમ મતદાન થાય તે માટે જનજાગૃતિના સવિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સુરેન્દ્રનગર જીલ્લામાં લગ્ન સમારંભમાં આવેલા મહેમાનોમાં મતદાન અંગે જાગૃતતા માટે સેલ્ફી પોઈન્ટ દ્વારા ચૂંટણીમાં અચૂક મતદાનનો સંદેશ અપાયો હતો.

દ્વારકા જિલ્લામાં મતદાન જાગૃતિ માટે ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણી વિવાહ સત્કાર સમારોહ અંતર્ગત યોજાયેલી શોભાયાત્રાના રૂટ ઉપર મતદાન કરવા પ્રેરણા આપતી રંગોળી દોરવામાં આવી હતી.

પ્રાકૃતિક ખેડૂત અરૂણભાઈ શાહ દ્વારા લોકસભા ચૂંટણી-2024માં અચૂક મતદાન કરવા અપીલ કરવામાં આવી છે..મતદાન કરવું એ આપણી નાગરિક તરીકેને ફરજ છે તેમ ત્રણ હજાર ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના તાલીમ આપનારા ખેડાના ફાર્મર ફ્રેન્ડ તરીકે ઓળખાતા અરૂણ શાહે કરી છે..

મહેસાણા જિલ્લામાં વિસનગર ની દયાનંદ સરસ્વતી બી.એડ કોલેજ ના વિધ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ માટે માનવ સાંકળ બનાવામાં આવી હતી ઉપરાંત જિલ્લા વેપારીમંડળ તેમજ 419

ગામોમાં 3713 સખીમંડલો દ્વારા મતદાન જાગૃતિ નાપ્રયાસો હાથ ધરાયા હતા.

## MATDAN JAGRUTI-DISTRICT - 2

મહીસાગર જિલ્લામાં જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા વિવિધ ક્ષેત્રના વેપારીઓ ઉદ્યોગકારો અને સંસ્થાઓની મહત્તમ મતદાન માટે યોગદાન આપે તે માટે વ્યવસાયના સ્થળે સેલ્ફી પોઇન્ટ, બેનર, સ્ટીકર તથા સ્ટેમ્પીંગ સ્લોગન લગાવવા તથા પત્રિકાઓ પ્રદર્શિત કરવા અને મતદાનના દિવસે મતદારોને ખાસ ડીસ્કાઉન્ટ તેમજ તેમનુ સન્માન કરવા જેવા કાર્યક્રમો આયોજીત કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

તાપી જિલ્લાના વ્યારા અને સોનગઢ નગરપાલિકા ખાતે વિડિયો ક્લીપ ના માધ્યમ દ્વારા મતદાન કરવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા

ભાવનગર જિલ્લાના સીદસર ગામ માં ગ્રામજનોએ મતદાન અચૂક કરવા અંગેના શપથ લીધા હતાં તેમજ શાળાના વિદ્યાર્થીઓએ સાયકલ રેલી યોજી મતદાન કરવા અપીલ કરી હતી.

વલસાડ તાલુકામાં મતદાન જાગૃતિ માટે ૧૭૦ જેટલી જગ્યાઓએ બીઆરસી,સીઆરસી,શાળાના આચાર્યો, શિક્ષકો, અને BLO દ્વારા મતદાન જાગૃતિ અંગે સમજ આપી સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લા માં વિદ્યાર્થીઓ દ્વારા ભારતના નકશામાં વોટ ઇન્ડિયા અને ત્રિરંગા જેવી અલગ અલગ માનવ સાંકળ રૂપી આકૃતિઓ બનાવીને અચૂક મતદાન માટેનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

---------

# GUJARAT CHUNTANI PRACHAR

રાજ્યની લોકસભાની 25 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થતાં વિવિધ રાજકીય પક્ષોએ વિવિધ સ્થળોએ ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે.

આજે ભાજપના સંગઠનના મહામંત્રી રત્નાકરજી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ભાવનગરમાં પક્ષના હોદ્દેદાર સાથે બેઠક યોજી હતી અને ચૂંટણી અંગે ચર્ચા કરી હતી.

ભાજપના રાષ્ટ્રીય મંત્રી ડો.અલકા ગુર્જરે આજે ડીસા, સિદ્ધપુર અને ઉંઝા ખાતે ભાજપના ઉમેદવારના સમર્થનમાં યોજાયેલા મહિલા સંમેલનમાં હાજરી આપી હતી.

------------

# MAHISAGAR_AROGY CHEDA

મહીસાગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા 1 હજાર 542 શાળામાં અંદાજે 99 હજાર 500 બાળકોના હિમોગ્લોબીન ટેસ્ટ કરાયા હોવાની ડેટા એન્ટ્રી કરી દેવામાં આવી હતી.. આ ટેસ્ટ થયા હતા તેનો સમયગાળો તેમજ તેની વિગતો સામે સવાલો ઉભા થયા હતા.. આ મામલે જીલ્લા આરોગ્ય અધિકારીએ તપાસના આદેશ આપ્યા છે.

(બાઇટ - જીલ્લા આરોગ્ય અધિકારી, મહિસાગર)